1. **વિધાન (A) : લિથિયમના કાર્બોનેટને ગરમ કરતાં તે સરળતાથી વિઘટન પામીને લિથિયમ ઑક્સાઇડ અને $CO_2$ આપે છે.**

**કારણ (R) : કદમાં અતિસૂક્ષ્મ હોવાને કારણે લિથિયમ ખૂબ જ મોટા કાર્બોનેટ આયનનું ધ્રુવીભવન કરીને તેમાંથી વધુ સ્થાયી $Li_2O$ અને $CO_2$ બનાવે છે.**

(A) A અને R બંને સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી આપે છે.

(B) A અને R બંને સાચાં છે, પરંતુ R એ Aની સાચી સમજૂતી આપતું નથી.

(C) A સાચો નથી પણ R સાચો છે.

(D) A અને R બંને ખોટાં છે.

**જવાબ (A)** A અને R બંને સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી આપે છે.

➠ સમૂહમાં ઉપરથી નીચે જતાં કાર્બોનેટની ઉષ્મીય સ્થાયિતા વધે છે તેથી $Li_2CO_3$ ઓછો સ્થાયી છે. $Li^+$ના નાના કદને કારણે વધુ પ્રબળ ધ્રુવીભવન ક્ષમતા $CO_3^{2-}$ ના વિદ્યુતવાદળને વિકૃત બનાવે છે. $Li_2CO_3$ કરતાં $Li_2O$ની ઊંચી લેટાઇસ ઊર્જા પણ $Li_2CO_3$ના વિઘટનની તરફેણ કરે છે.

2. **વિધાન (A) : બેરિલિયમ કાર્બોનેટને કાર્બન ડાયોક્સાઇડના વાતાવરણમાં રાખવામાં આવે છે.**

**કારણ (R) : બેરિલિયમ કાર્બોનેટ અસ્થાયી છે અને વિઘટન પામીને બેરિલિયમ ઑક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડ આપે છે.**

(A) A અને R બંને સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી આપે છે.

(B) A અને R બંને સાચાં છે, પરંતુ R એ Aની સાચી સમજૂતી આપતું નથી.

(C) A સાચો નથી પણ R સાચો છે.

(D) A અને R બંને ખોટાં છે.

**જવાબ (A)** A અને R બંને સાચાં છે અને R એ Aની સાચી સમજૂતી આપે છે.

➠ $Be^{2+}$ના નાના કદ અને ઊંચી ધ્રુવીભવન ક્ષમતાને કારણે $BeCO_3$ કરતાં BeO વધુ સ્થાયી છે. $BeCO_3$ અસ્થાયી અને BeO વધુ સ્થાયી હોવાથી $BeCO_3$ ને $CO_2$ના વાતાવરણમાં રાખવામાં આવે છે. તેથી પ્રતિવર્તી પ્રક્રિયા થાય છે અને $BeCO_3$ની સ્થાયીતા વધે છે.